## વડોદરાના મહે.પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી જે.એમ.ચૌહાણ લેબર કોર્ટ નં.૧ સમક્ષ

**ક્રિમીનલ કેસ નંબર: ૨૭૩/૨૦૨૫**

### –:: આંક–૧ તળે હુકમ ::–

૧. સદર કામનું રેકર્ડ હાથ પર લઈ વંચાણે લીધું. આ કામના આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી જાતે/ઓથોરાઈઝ પર્સન આજરોજ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપી કબુલાત પુરસીસ રજુ કરી તેઓ ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનું જાહેર કરેલ છે.

૨. આરોપીની રજુઆત જોતાં આરોપીનો આ પ્રથમ ગુન્હો છે. આરોપી વિરૂધ્ધ ગુન્હાનો આક્ષેપ, ગુન્હાની ગંભીરતા તેમજ સજાની જોગવાઈ જોતાં તેમજ આરોપીનો આ પ્રથમ ગુન્હો હોવાથી આરોપીને મહત્તમ શિક્ષા નહીં કરતાં યોગ્ય દંડ કરવામાં આવે તો તે ન્યાયિક કહેવાશે, તેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### –:: આ ખ રી  હુ ક મ ::–

૧. આ કામના પ્રત્યેક આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ(રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન્સ ઓફ સર્વિસ) એકટ–૧૯૯૬ની કલમ–૪૭ નીચે શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદર ગુન્હા સબબ પ્રત્યેક આરોપીને/તેના ઓથોરાઈઝ પર્સનને **રૂા.૨,૦૦૦/–**નો દંડ ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ/ઓથોરાઈઝ પર્સન દંડની રકમ ન ભરે તો દિન–૭ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૧૩ માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(જ્યોતિબેન માધવલાલ ચૌહાણ)**
**એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સીનીયર ડીવીઝન)**
**મજુર અદાલત (નંબર–૧), વડોદરા.**
**યુઆઈ કોડ નં. જી.જે.૦૦૭૨૮**

**તારીખ : ૧૩/૦૯/૨૦૨૫.**
**સ્થળ : વડોદરા.**
(જે.એમ.ગાંધી)